# કામદારો અને ગ્રાહકો માટે દુકાનો સલામત કેવી રીતે રાખવી

**by Indian Scientists Response to Covid**
https://indscicov.in/

IndiSciCovid




કરિયાણા અને દવાની દુકાન જેવી આવશ્યક સેવાની દુકાનોને લોકડાઉન દરમિયાન ખુલ્લી રાખવાની મંજૂરી આપવામાં આવી છે. આ એવી જગ્યાઓ છે જ્યાં ઘણા લોકો જતા હોય છે, જેથી અહીંથી રોગના ફેલાવાની શક્યતા વધુ હોય છે. આવા દુકાનદારોએ, હાથ ધોવા, શારીરિક અંતર જાળવવા અને સપાટીઓને સાફ રાખવા જેવી સામાન્ય પ્રથાઓનું પાલન કરવાની સાથે જ કેટલાક અન્ય ચોક્કસ પગલાંઓ લેવાની પણ જરૂર છે. આ પગલાઓ તમને, તમારા સાથીદારો અને તમારા પરિવારોને સલામત અને સ્વસ્થ રાખવામાં મદદ કરી શકે છે.

**દુકાનદારો માટે સામાન્ય માર્ગદર્શિકા:**
કોવિડ-19 જેવા રોગચાળા દરમ્યાન, નિયમિત રીતે હાથ ધોવા અને તમારા હાથને ચહેરથી દૂર રાખવાની માર્ગદર્શિકા, દરેકને લાગુ પડે છે! દુકાનના તમામ કામદારો દ્વારા આ પગલાં ચુસ્ત રીતે અનુસરવા જોઈએ. ગ્રાહકો સાથે વાતચીત કરતી વખતે મોઢા પર માસ્ક પહેરી રાખવો પણ હિતાવહ છે. વધારાની સાવચેતી રાખવા માટે તમે કોટ, ટોપી અને ગ્લોવ્ઝ પણ પહેરી શકો છો. જો તમે છૂટક અનાજ, જેમ કે રેશનની દુકાનમાં, વેચતા હો તો અનુકૂળ ડિલિવરી માટે મોટી પ્લાસ્ટિક ટ્યુબ જેવા સરળ ઉપકરણોનો ઉપયોગ કરવાનો વિચાર કરો. આ તમારા અને તમારા ગ્રાહકો વચ્ચે યોગ્ય શારીરિક અંતરની ખાતરી કરશે.



**જો તમે બીમાર છો:**
જો તમે અથવા દુકાનમાં કામ કરતા અન્ય વ્યક્તિઓ COVID-19 ના કોઈ લક્ષણો, જેમ કે ખાંસી અથવા તાવ, બતાવે તો તેઓએ રજા લેવી જોઈએ અને ઘરે જ રહેવું જોઈએ. બને ત્યાં સુધી દુકાનદારોએ આ કામદારોને પગાર સાથે રજા આપવી જોઈએ. જેથી સુનિશ્ચિત થાય કે આ કામદારો પૂર્ણ રીતે સજા થાય અને, ખાસ કરીને, અન્ય કામદારો કે ગ્રાહકોને ચેપ ન લાગે.



**વ્યક્તિગત / ઘરેલું સ્વચ્છતા:**
તમારે ઘરે પહોંચતા જ સાબુ વડે સ્નાન કરી લેવું જોઈએ જેથી દિવસ દરમ્યાન જો કોઈ વાઇરસ તમારા કપડાં કે શરીર પર લાગી ગયો હોય તો તે તમારા પરિવારમાં ન ફેલાય. દિવસ દરમિયાન તમે પહેરેલા કપડાંને એક અલગ, નિયુક્ત ડોલમાં રાખવા અને બને ત્યાં સુધી તેમને ડિટરજન્ટ અને પાણીથી તરત જ ધોઈ લેવા.



**જથ્થાબંધ સમાન ખરીદવો અને ડિલિવરી લેવી:**
દરેક વ્યક્તિએ જાહેરમાં હોય ત્યારે શારીરિક અંતર જાળવી રાખવાના સામાન્ય સૂચનનું પાલન કરવાની જરૂર છે. જથ્થાબંધ બજારો, જ્યાંથી દુકાનદારો તેમનો પુરવઠો મેળવે છે, ત્યાં પણ લોકો સમાન મેળવવા માટે કતારો લગાવે તેવી વ્યવસ્થા હોવી જોઈએ. જ્યારે તમે બહાર હો ત્યારે માસ્ક પહેરવો અને પાછા આવ્યા બાદ સાબુથી વ્યવસ્થિત રીતે તમારા હાથ ધોવા આવશ્યક છે. જો શક્ય હોય તો, ચુકવણી માટે ઓનલાઇન વ્યવહારનો ઉપયોગ કરો.



તમારા સમાનની ડિલિવરી દુકાન માં લેતી વખતે બને ત્યાં સુધી સમાનને દુકાનની બહાર જ રાખો જેથી અંદર લાવતા પેહલા બહારથી જ તમે સમાન ના ખોખાઓ / ક્રેટ્સને સાવચેતીપૂર્વક અનપેક કરી શકો. શક્ય હોય તો, ખોખાઓ / ક્રેટ્સને ખોલવાની જગ્યાએ સબુના પાણીમાં પલાળેલા કપડાથી લૂછી લો.



**સામગ્રી નો સંગ્રહ:**
બધા છૂટક સમાન જેમ કે ચોખા અને દાળને મોટા ઢાંકેલા ડબામાં રાખો. દિવસના અંતે આ ડબાને સાબુવાળા કપડાથી સાફ કરો. બોટલ અને બોક્સ જેવા પેકેજડ સમાનને છાજલીઓ પર રાખી શકાય: આવો સમાન સામાન્ય રીતે બંધ ખોખમાં આવશે જેથી તેના પર વાઇરસ હોવાનું જોખમ ઓછું છે. ફળો અને શાકભાજીને ખુલ્લા પણ રાખી શકાય કારણ કે સામાન્ય રીતે, આવી વસ્તુઓ લાંબા સમય માટે છાજલી પર રહેતી હોતી નથી. સાથે જ બધાને એવી પણ ભલામણ કરવામાં આવે છે કે ઘરે લાવ્યા બાદ પહેલાં ફળો અને શાકભાજી (તેમજ અન્ય વસ્તુઓના બાહ્ય પેકેજિંગ) ને સારી રીતે ધોવા. ગ્રાહકોને સમજાવો કે વાઇરસ ફેલાવાની શક્યતાઓને ઘટાડવા માટે, તેઓએ જે વસ્તુઓ ખરીદવાની હોય તેને જ સ્પર્શ કરવો જોઈએ અને વધારાની વસ્તુઓને સ્પર્શ કરવાનું ટાળવું જોઈએ.

**સામગ્રીનું વેચાણ:**
દરેક વ્યક્તિએ બહાર જતી વખતે ફરીથી વાપરી શકાય તેવો કાપડનો માસ્ક પહેરવો અથવા એક કરતા વધારે સ્તરના કપડાથી, જેમકે યોગ્ય રીતે ઘડી કરેલ હાથરૂમાલ, વડે પોતાનો ચહેરો ઢાંકવો જરૂરી છે. દુકાનદારોએ દરેક ગ્રાહકને ચહેરો ઢાંકવા અથવા માસ્ક પહેરવા અંગેની સૂચના નમ્રતાપૂર્વક પણ મક્કમરીતે આપવી એ મહત્વપૂર્ણ છે. ચહેરો ઢાંકવાની જરૂરિયાત વિશે લોકોને જણાવવા માટે તમે તમારી દુકાનના દરવાજા પર પ્રદર્શિત કરવા માટે અમારી વેબસાઇટ પરથી પોસ્ટરો છાપી શકો છો. તમારી દુકાનની સાઈઝ પ્રમાણે, તમે નીચેના વિકલ્પોમાંથી કોઈ એકનું પાલન કરી શકો છો -



<u>વિકલ્પ 1: (નાની દુકાનો માટે)</u>
તમે દરવાજા પર અથવા દરવાજાની નજીકમાં જ ગ્રાહકોને સામાન આપી શકો છો. તમારા ગ્રાહકોને ખરીદવાની વસ્તુઓની યાદીઓ સાથે આવવા માટે પ્રોત્સાહિત કરો જેથી તમે ઝડપથી અને અસરકારક રીતે તેમની મદદ કરી શકો.

<u>વિકલ્પ 2: (મોટી દુકાનો માટે)</u>
દુકાનમાં પ્રવેશનારી તમામ વ્યક્તિઓને તેમના હાથ સાફ કરવા કહો. શક્ય હોય તો, પ્રવેશદ્વાર પર સાબુ સાથે વોશબેસીન રાખો. સાથે જ હાથ સુકાવવા માટે પેપર નેપકિન્સ પણ રાખવાનો પ્રયાસ કરો અને વપરાયેલા નેપકિન્સને ફેંકવા માટે અલગ કચરાપેટી રાખો. વૈકલ્પિક રીતે, ગ્રાહકોના ઉપયોગ માટે તમે દરવાજા પાસે આલ્કોહોલ આધારિત હેન્ડ સેનિટાઇઝર (જેમાં ઓછામાં ઓછું 60% આલ્કોહોલ હોય) પણ રાખી શકો. શક્ય હોય તો, દરવાજાને ખુલ્લા રાખો, જેથી ગ્રાહકોએ દુકાનમાં પ્રવેશવા / બહાર નીકળવા માટે દરવાજાનાં હેન્ડલને સ્પર્શ કરવાની જરૂર ન પડે. વધુ સારી હવાની અવાર જવાર માટે તમે બારી ખુલ્લી પણ રાખી શકો છો.
એક સાથે દુકાનમાં હાજર ગ્રાહકોની સંખ્યાને તમે મર્યાદિત કરી શકો છો. આ સંખ્યા તમારી દુકાન કેટલી મોટી છે અને 1-2 મીટર શારીરિક અંતર જાળવી રાખીને દુકાનની અંદર કેટલા ગ્રાહકો હોઈ શકે તેના પર નિર્ભર રહેશે.


IndiSciCovid

વિકલ્પ 3: (આઉટડોર / જથ્થાબંધ બજારો)



આઉટડોર અને જથ્થાબંધ બજારોમાં સામાન્ય રીતે એવી ઓછી સપાટીઓ હોય છે જેનાથી વાઇરસ ફેલાઈ શકે. તેમ છતાં તમારે તમારી દુકાનમાં અથવા તેની આસપાસમાં લોકો 1-2 મીટરનું શારીરિક અંતર જાળવી રાખે તેની કાળજી લેવી જોઈએ. તમારી દુકાનમાં કે આસપાસમાં યોગ્ય સ્વચ્છતા રહે અને કોઈ કચરો ન થાય તેની કાળજી રાખવી એ એક સારી આરોગ્યપ્રદ પ્રથા છે. આખા દિવસ નો તમામ કચરો યોગ્ય રીતે એકત્રિત કરો અને દિવસના અંતે તેને યોગ્ય સ્થળે નિકાલ કરો.

**કતારો:**

ગ્રાહકોને જણાવો કે તેમનો વારો આવવામાં થોડો સમય લાગી શકે છે. તેઓ કતારમાં હોય ત્યારે યોગ્ય શારીરિક અંતર જાળવવાની વિનંતી કરો. તમે દુકાનની બહારના ફૂટપાથ અથવા રસ્તા પર ઓછામાં ઓછા 1-2 મીટરના અંતરે વર્તુળો દોરીને શારીરિક અંતર જાળવવામાં તેમની સહાય કરી શકો છો.



દિવસના અંતે, બધા કાઉન્ટર્સ અને અન્ય સપાટીઓ, જેમ કે હેન્ડલ્સ, ઢાંકણા, રોકડ મુક્વાના બોક્સ વગેરેને સબુની પાણીથી સાફ કરી લો. નળ, દરવાજાના હેન્ડલ્સ, દરવાજાના તાળાઓ અને ફ્લશ બટનો જેવી અન્ય વારંવાર સ્પર્શતી સપાટીઓને સાબુના પાણીથી સાફ કરવાનું ભૂલશો નહીં. દરરોજ સાબુ અને પાણીથી બેસિન અને શૌચાલય સાફ કરો, અને દિવસ દરમિયાન અમુક વાર 1% બ્લીચથી જંતુમુક્ત કરો.



ફરીથી વાપરી શકાય તેવી વસ્તુઓ જેમકે ટોપી, માસ્ક, કોટ વગેરેને ડિટર્જન્ટથી, પણ અન્ય કપડાંથી અલગ ધોવા. ધ્યાન રાખો કે બધા કામદારોને રોજ ધોયેલાં, સ્વચ્છ સેટ પૂરા પાડવામાં આવે છે. કોઈપણ એક જ વાર વાપરી શકે તેવા માસ્ક, ગ્લોવ્સ, ટોપી, કોટ વગેરેનો નિકાલ સુરક્ષિત રીતે કરવો જરૂરી છે. પહેલા તેમને 1% ઘરગથ્થુ બ્લીચનો ઉપયોગ કરીને જંતુમુક્ત કરો અને ત્યાર બાદ સળગાવીને કે પછી જમીનમાં ઊંડે દાટીને તેમનો નિકાલ કરો.


**ચુકવણીઓ:**

તમારે કદાચ ઘણા વધુ પ્રમાણમાં ચલણી નોટ અને સિક્કાઓ સાથે વ્યહવાર કરવો પડતો હશે, તેથી તમારે રોકડ નાણાં વડે વાઇરસ ના ફેલાય તેનું ધ્યાન રાખવા માટે ખાસ સાવચેતી રાખવી જોઈએ. શક્ય તેટલી વાર તમારા હાથને સાબુથી ધોઈ લો. રોકડનું સંચાલન કરતી વખતે તમે ગ્લોવ્સનો ઉપયોગ કરી શકો છો પરંતુ ધ્યાન રાખો કે ગ્લોવ્સ પહેર્યા હોય તમે કોઈપણ અન્ય સપાટીને સ્પર્શ ન કરો. તમે પૈસાને એક અલગ ડબ્બામાં પણ રાખી શકો છો અને ધ્યાન રાખો કે તમે દરરોજ દિવસના અંતે આ ડબાને સાબુ અને પાણીથી સાફ કરો. જો શક્ય હોય તો, ફક્ત તમામ નાણાકીય વ્યવહાર માટે કોઈ એક જ વ્યક્તિને નિયુક્ત કરો. સાથે જ ધ્યાન રાખો કે આ વ્યક્તિ દુકાનમાં કોઈ માલ અથવા સપાટીને સ્પર્શે નહીં. ઓનલાઇન અથવા કેશલેસ વ્યહવારને પ્રોત્સાહિત કરો.

**હોમ ડિલિવરી:**

સમાન એક ખોખા અથવા બેગમાં પહોંચાડવો જોઈએ જે ઘરની બહાર મૂકી શકાય, અને બહારથી જ ગ્રાહક તેને ઉપાડી શકે. બને ત્યાં સુધી, જ્યાં તમે વસ્તુઓ પહોંચાડતા હો તે ઘર માં પ્રવેશ ન કરો. તમે રોકડ વ્યવહાર માટે નાના ડાબા અથવા પાઉચનો ઉપયોગ કરી શકો છો, જેથી તમારે ચલણી નોટો કે સિક્કાઓને જરૂર સૌથી છેલ્લે પડે અને રોકડ ગણ્યા પછી તમે તરત તમારા હાથ ધોઈ શકો.



# કામદારો અને ગ્રાહકો માટે દુકાનો સલામત કેવી રીતે રાખવી

**દુકાનદારો માટે સામાન્ય માર્ગદર્શિકા:**

- શક્ય એટલી વધુ વાર તમારા હાથ ધોવા
- તમારા ચહેરાને હાથ વડે સ્પર્શ ન થાય એવો પ્રયાસ કરો
- માસ્ક પહેરો
- બધા કાઉન્ટરો અને અન્ય સપાટીઓ (હેન્ડલ્સ, ઢાંકણા વગેરે) ને સાબુના પાણી વડે સાફ કરો.
- ફરીથી વાપરી શકાય તેવા ટોપી / માસ્ક / કોટને અન્ય કપડાંથી અલગ ડીટરજન્ટથી ધોવા.
- જો તમે બીમાર હો તો કામ ન કરો
- ઘરે પહોંચતા જ સાબુથી સ્નાન કરો
- દુકાનમાં પહેરેલા કપડાં અલગથી ધોઈ લો




**જથ્થાબંદ સમાન ખરીદવો અને ડિલિવરી લેવી:**

- જો શક્ય હોય તો, તમારી દુકાનની બહાર ડિલિવરી મેળવો
- સાબુવાળા પાણીથી ખોખા લૂછી લો
- પછી ખોખા / ક્રેટ્સને અનપેક કરો
- વસ્તુઓ અંદર લાવ

**સામગ્રી સંગ્રહ:**

- ચોખા અને દાળ જેવા છૂટક સમાનને મોટા ડબામાં સંગ્રહિત કરો
- દિવસના અંતે આ ડબાને સાફ કરો
- ફળો અને શાકભાજીને ખુલ્લા રાખી શકાય

**માલ વેચવો:**

- નાની દુકાન: દરવાજા પર અથવા નજીકમાં ગ્રાહકોને સેવા આપો
- મોટી દુકાન: ગ્રાહકોને દાખલ કરતા પહેલા તેમના હાથ સાફ કરવાની સૂચના આપો અને એક સમયે ગ્રાહકોની સંખ્યાને પ્રતિબંધિત કરો
- જથ્થાબંદ દુકાન: ગ્રાહકોને એકબીજાથી 1-2 મીટરનું અંતર જાળવવા માટે કહો
- ગ્રાહકોની કતાર માટે દુકાનની બહાર 1-2 મીટરની અંતરે વર્તુળો દોરો

**ચુકવણીઓ:**

- ચલણી નોંટો અને સિક્કા એક અલગ ડબ્બામાં રાખો અને આ દબાણે દરરોજ સાબુ અને પાણીથી સાફ કરો.
- પૈસાને અડ્યા પછી સાબુથી હાથ ધોવા.
- જો શક્ય હોય તો, તમામ નાણાકીય વ્યવહારો માટે એક વ્યક્તિને નિયુક્ત કરો અથવા ઓનલાઇન વ્યવહારોને પ્રોત્સાહિત કરો.

**હોમ ડિલિવરી:**

- ગ્રાહકના ઘરે પ્રવેશ નહીં કરવાનો પ્રયાસ કરો, ડિલિવરી બહાર મુકો
- ડિલિવરી દરમિયાન ડબ્બા અથવા પાઉચનો ઉપયોગ કરીને પૈસા એકત્રિત કરો
- પૈસાને ત્યારે જ અડો જ્યારે તમે તમારા હાથ તરત ધોઈ શકો

Image credits:
Storyweaver, Nivong Sengsakoun, Lavanya Naidu, Shambhavi Singh, AP News, Freepik, Rabin